1. અનુવૈદિક ભારતની ધાર્મિક સ્થિતિ વર્ણવો.

➢ અનુર્વેદિક સભ્યમાં નવા દેવો, યજ્ઞો, પુરોહિતો, વિધિઓ અને વિચારો અસ્તિત્વમાં આવ્યાં. 1. નવા દેવો : વેદકાલીન યુગના દેવો ઈન્દ્ર, અગ્નિ, વરુણ, ઉષા વગેરેનું મહત્ત્વ ઘટવા લાગ્યું અને તેમનું સ્થાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા દેવોએ લીધું. આ યુગમાં આધ્યાત્મવાદના મોક્ષ, કર્મ અને પનર્જન્મના સિદ્ધાંતોનો વિકાસ થયો. વૈરાગ્ય, તપ અને સંન્યાસના આદર્શો પણ ઉદ્ભવ્યા.

2, યજ્ઞો , પુરોહિતો અને વિધિવિધાન : આ સમયમાં નવા, જટિલ તથા વિધિવિધાનયુક્ત અને પુરોહિતપ્રધાન યજ્ઞો શરૂ થયા. ઘરમાં થતા એક દિવસના પજ્ઞો જાહેરમાં ઘણો લાંબો સમય ચાલવા લાગ્યા અને ખર્ચાળ, વિધિયુક્ત તથા પુરોહિતપ્રધાન બન્યા. અશ્વમેધ યજ્ઞમાં તો અશ્વોનું બલિદાન અપાતું.

3. ધાર્મિક વિચારો : ઉત્તર વેદિક કાળમાં આપના વિચારો અંધશ્રદ્ધાયુકત બન્યા. જાદુ, મંત્ર-તંત્ર , પ્રેત, પુનર્જન્મ, કર્મ અને મોક્ષની વાતો ધર્મમાં ઉમેરાઈ. વર્ણવ્યવસ્થામાં શિથિલતા આવી હતી અને તેમાં વિકૃતિઓનો પ્રવેશ થઈ ગયો હતો.

2.ઋગ્વદને સૌથી મહત્ત્વનો ગ્રંથ શાથી માનવામાં આવે છે?

➢ ઋગ્વદ આર્યોનો સૌથી પ્રાચીન ગ્રંથ છે. આ વેદમાં ઇન્દ્ર, વરુણ, સોમ, અગ્નિ વગેરે દેવોને સંબોધીને રચેલા સ્તુતિમત્રો સંગ્રહાયેલા તેમાં 1028 સૂકતો અને આવાં સૂક્તોનાં 10 પ્રકરણો કે મંડળો છે. આયૌની ધાર્મિક માન્યતાઓ, રાજકીય સંગઠન તેમજ સામાજિક અને આર્થિક વ્યવસ્થા વિશે વાવેદમાં સવિસ્તર વર્ણન છે, તેથી એ બાબતો જાણવા માટે ઋગર્વેદ ઘણો ઉપયોગી ગ્રંથ તેમાં ભારતના મૂળ વતનીઓ વિશે રસપ્રદ વિગતો છે. આમ, ભારતના પ્રાચીન ઇતિહાસની અનેક વિગતો ઋગ્વદમાંથી મળતી હોવાથી તેને સૌથી મહત્ત્વનો ગ્રંથ માનવામાં આવે છે.

3. આર્ય લોકો પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા કેમ કરતા હતા ?

➢ આર્ય પ્રજા પ્રકૃતિના ખોળે ઉછરેલી પ્રજા હતી, પોતાના મુખ્ય ધંધા ખેતી અને પશુપાલન માટે તેમને પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો પર આધાર રાખવો પડતો. આથી ખાય સૂર્ય, અગ્નિ, વરુણ, અશ્વિન, સોમ, બૃહસ્પતિ, પૃથ્વી, ઉષા વગેરે પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોને દેવ તરીકે માનતા. આથી તેઓ પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા કરતા હતા.

4. ઉત્તર વેદકાલીન સમયમાં યજ્ઞનું મહત્ત્વ કેમ વધ્યું?

➢ ઉત્તર વેદકાલીન સમયમાં યશની વિધિઓ અટપટી અને ગૂંચવાડાભરી બની. ગૃહસ્થીના રોજિંદા જીવનમાં યશોની સંખ્યા અને તેના પ્રકારોમાં વધારો થયો. પુરોહિતોની હાજરીમાં, તેમના દ્વારા જ યજ્ઞો થાય એવો આગ્રહ રાખવામાં આવતો. આમ, ઉત્તર વેદકાલીન સમયમાં આય દેવદેવીઓને યજ્ઞયાગથી રીઝવવાના પ્રયત્નો કરતાહોવાથી યશોનું મહત્ત્વ વધ્યું.